# હોસ્ટેલમાં કરાર આધારીત મેસ ચલવવા અંગેની શરતો

1. હોસ્ટેલ પ્રશાસનની પૂર્વ મંજુરી લઇ વિદ્યાર્થીઓના પ્રતિનિધિઓ સાથે રહીને મુખ્ય રસોયા/ પાર્ટીના મુખ્ય પ્રતિનિધીએ આગામી મહિના માટેનું અઠવાડિયાના વાર પ્રમાણે નીચે મુજબ મેનુ તૈયાર કરવાનું રહેશે.
   a) સવારનો નાસ્તો: પૌવા, ભજીયા, ઈડલી, ઢોકળા, થેપલા, ચેવડો, સમોસા, ઢોસા વિગીરે..
   b) બપોરનું ભોજન: કઠોળનું શાક (ચણા, મગ, વટાણા, ચોળી, વાલ, રાજમા), રોટી, દાળ, ભાત, છાશ, કચુંબર વિગીરે..
   c) સાંજનું ભોજન: લીલોતરી શાક (રીંગણ-બટાકા, સેવ-ટામેટા, દુધી-દાળ, ભીંડા, કારેલા, પરવળ, ઘીસોડા) ભાખરી, છાશ/ દૂધ, કાઢી-ખીચડી, સંભારો વિગીરે..
   d) દર રવીવારે બપોરના ભોજનમાં કોઈ સ્વાદિષ્ટ વાનગી જેવી કે, શ્રીખંડ, ફ્રુટ સલાડ, કેરીનો રસ, મઠો, કાજુ-કતરી, મોહનથાળ, કોપરા-પાક વિગીરે આપવાનો રેહશે.
2. રસોઈ બનવવા માટેની કાચી સામગ્રી, જેમકે તેલ માત્ર મગફળીનું, ઘઉં : ટુકડા, ચોખા: ૬૪-૬૪/લક્ષ્મી-૧૭/૩૧૨, તુવેર દાળ: વૈશાલી/વર્ષીના વાપરવાનું રેહશે.
3. ભોજનમાં ખટાશ કે મીઠાશ લાવવા માટે કોઈપણ પ્રકારનું કેમિકલ જેવું કે લીંબુના ફૂલ, શેકીન નો ઉપયોગ કરી શકાશે નહિ.
4. રસોઈ બનાવવા માટે ખાંડની જગ્યાએ દેશી ગોળ વાપરવાનો રેહશે.
5. રસોઈ બનાવવા માટે  શુદ્ધ અને પીવાના પાણીનો જ ઉપયોગ કરવાનો રેહશે.
6. ભોજન માત્ર શાકાહારી પદાર્થોનું જ બનાવવાનું રેહશે. ભોજન બનાવતી વખતે કોઈજ પ્રકારનાં નોન-વેજ પદાર્થનો ઉપયોગ કરી શકાશે નહિ.
7. ભોજનનો સમય સવારે ૭.૦૦-૮.૦૦, બપોરે ૧૨.૩૦ – ૦૧.૩૦ અને સાંજે ૭.૩૦ – ૮.૩૦ નો રેહશે. ભોજન સમયસર તૈયાર રાખવાનું રેહશે.
8. વિદ્યાર્થીઓ માટે ભોજન માટે વાપરવામાં આવતા વાસણો જેવાકે ડીશ, વાટકી અને ચમચી સ્ટીલના રાખવાના રેહશે..
9. રસોડાની અંદર અને બહાર તેમજ ભોજન માટે વાપરવામાં આવતા વાસણો, ડીશ, વાટકી અને ચમચીની સ્વચ્છતા જાળવવાની સંપૂર્ણ જવાબદારી પાર્ટીની રહેશે.
10. રસોઈ બનાવવા અને જમવાના સ્થળ પર તમામ પ્રકારની સાફસફાઇ કરાવવાની રહેશે. જમવાના સ્થળ પર મચ્છર, માખી, જીવાત કે અન્ય પ્રાણીઓ ન આવે તેની સંપૂર્ણ કાળજી લેવાની રહેશે. સાફસફાઇ અને સ્વચ્છતા બાબતે કોઈપણ જાતની કચાશ ચલાવી લેવામાં આવશે નહિ.
11. હોસ્ટેલ રેક્ટર અને ઉપરી અધિકારીઓ પાસે મેસ પરિસરની સ્વચ્છતા અને જાળવણી, કાચા પદાર્થ અને ખોરાકની ગુણવત્તા, અગાઉથી કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર વખતોવખત તપાસવાનો અધિકાર અનામત રેહશે અને જો આ તમામ બાબતે કોઈપણ ખામી જણાય તો નિયમો અનુસાર દંડની કાર્યવાહી કરવામાં આવશે.
12. ચા-પાણી નાસ્તો અને ભોજન લીધા પછી ભોજનના કારણે જો કોઈ ભોજન લેનારના આરોગ્ય (ઝાડાં, ઉલ્ટી, તાવ, અશકિત,  વિ.)ને લગતા પ્રશ્નો ઉપસ્થિત થશે તો તેની આરોગ્ય અને કાયદાકીય સંપૂર્ણ જવાબદારી મંજૂર થયેલ પાર્ટીની રહેશે.

13. ભોજનમાં વાળ, કંકડ, ઈયળ કે અન્ય અભોજ્ય વસ્તુઓ પકડાશે તો કોઈપણ જાતની જાણ કર્યા વગર પાર્ટીનો ઓર્ડર રદ કરવામાં આવશે
14. રેક્ટરની પૂર્વ મંજૂરી મેળવેલ વિધાર્થીઓને માસિક બીલમાં ૭ કે તેથી વધુ દિવસના સળંગ બ્રેક પર દિવસ દીઠ કપાત આપવાની રેહશે.
15. નિયત કરેલ જુદી જુદી ડીશોના મેનુ સિવાય મહાવિદ્યાલયના કોઈ વિભાગ દ્વારા ખાસ ડીશનો ઓર્ડર આપવામાં આવે ત્યારે પાર્ટીએ જે તે વિભાગના વડા/ આચાર્શ્રી સાથે મેનુ અને ભાવ અંગે જરૂરી પરામર્શ કરી લેવાનો રહેશે.
16. રસોડાની કામગીરી સાથે સંકળાયેલ તમામ વ્યક્તિઓએ સ્વચ્છતા જાળવવાની રહેશે અને કામગીરી દરમ્યાન માથા પર ટોપી અને હાથમાં ગ્લોવ્ઝ/ મોજાં પહેરવાનાં રહેશે.
17. મુખ્ય રસોયાને મેસ પરિસરમાં જરૂરિયાત મુજબના જ માણસો રાખવાની જ પરવાનગી રહેશે. વધારાના માણસોને હોસ્ટેલ પરિસરમાં રેહવાની પરવાનગી આપવામાં આવશે નહિ.
18. પસંદ થયેલ પાર્ટીએ પોતાના તમામ માણસોના જરૂરિયાત મુજબના બધા પુરાવાઓ જેમ કે, આધાર કાર્ડ, PAN કાર્ડ વિગેરે રજુ કરવાના રેહશે.
19. મેસ અને હોસ્ટેલ પરિસરમાં મુખ્ય રસોયા અને એમના માણસો દ્વારા કોઈપણ જાતના નશાકારક દ્રવ્ય તથા નોન-વેજ પદાર્થોનું સેવન કરવામાં આવે નહિ એ કાળજી રાખવાની જવાબદારી મુખ્ય રસોયા/ પાર્ટીની રેહશે. જો કોઈ કિસ્સામાં આવું ધ્યાનમાં આવશે તો કોઈપણ જાતની જાણ કર્યા વગર પાર્ટીનો ઓર્ડર રદ કરવામાં આવશે તેમજ સિક્યુરીટી ડીપોઝીટ પેટે જમા કરવામાં આવેલ નાણા જપ્ત કરવામાં આવશે.
20. સંતોષકારક ભોજન તૈયાર કરવામાં ન આવે અથવા પાર્ટી વખતોવખત મળતી સુચનાઓનો અમલ ન કરે તો કોન્ટ્રાકટ રદ કરવાની સત્તા મહાવિધાલયના સત્તાધિશ પાસે અબાધિત રહેશે.
21. પાર્ટીએ વિદ્યાર્થીઓના જમ્યા બાદ બચેલા ખાદ્યપદાર્થના નિકાલ માટે ખોરાકનો નિકાલ કરતી વખતે નાળાઓ, ગટર કે ડ્રેનેજ અવરોધિત થાય નહિ એ બાબતની ખાસ કાળજી લેવાની રેહશે. આ બાબતને લીધે કોઈપણ પ્રકારની ગંદકી કે દુર્ગંધ નિર્માણ થશે અને વિધાર્થીઓના સ્વાસ્થ્ય કે હોસ્ટેલના વાતાવરણને કોઈ નુકશાન થશે તો નિયમનુસાર યોગ્ય દંડનીય કાર્યવાહી કરવામાં આવશે.
22. રસોડામાંથી નીકળતો કચરો તેમજ રસોઈના એઠવાડના કારણે ગટરલાઈન જો બ્લોક થઈ જાય તો પાર્ટીએ પોતાના ખર્ચે ગટર લાઈનની સફાઈ કરાવી લેવાની રહેશે.
23. સરકારી/સહકારી/યુનિવર્સિટીમાં રસોડા ચલાવવાનો અનુભવ હોય તો તેનું પ્રમાણપત્ર અથવા આધાર રજુ કરવાના રહેશે.
24. ભાવો સુવાચ્ય અક્ષરે અને છેકછાક વગર ભરવાના રહેશે તથા પાર્ટીના સહી સિક્કા યોગ્ય જગ્યાએ અને યોગ્ય રીતે થયેલ હોવા જોઈએ નહિતર આવું ટેન્ડર ફોર્મ અમાન્ય ગણવામાં આવશે. પાર્ટી દ્વારા આપવામાં આવેલ ભાવ ૧૫૦ વિદ્યાર્થીઓ સુધીની સંખા માટે માન્ય રહેશે.
25. ટેન્ડર ફોર્મની ફી પેટે રોકડેથી ભરેલ રૂા. ૧૫૦૦/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા)ની અસલ રસીદ ટેન્ડર ફોર્મ સાથે જોડવાની રહેશે, નહીંતર ટેન્ડર ફોર્મને અપૂર્ણ ગણી રદ કરવામાં આવશે.

26. ટેન્ડર ભરનાર પાર્ટીએ અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) પેટે "PRINCIPAL CAET AND PAE DEDIAPADA" ના નામનો રૂા. ૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા)નો ડીમાન્ડ ડ્રાફટ ટેન્ડર ફોર્મની સાથે મોકલવાનો રહેશે. જો ટેન્ડરની સાથે ઉપરની વિગતે ડીમાન્ડ ડ્રાફટ મોકલવામાં નહીં આવે તે પાર્ટીનું ટેન્ડર ધ્યાને લેવામાં આવશે નહીં.
27. જે પાર્ટીને ઓર્ડર આપવામાં આવે તે પાર્ટીએ રસોડાના ઘસારા ખર્ચ પેટે રૂા.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પૂરા) "PRINCIPAL CAET AND PAE DEDIAPADA" નામના ડિમાન્ડ ડ્રાફ્ટથી દિવસ-૭ માં અત્રેની કચેરીમાં જમા કરાવવાના રહેશે, જે પરત મળવા પાત્ર રહેશે નહી. આમ કરવામાં નિષ્ફળ જનાર પાર્ટીનો ઓર્ડર આપોઆપ રદ ગણાશે અને બીજા નંબરની પાર્ટીને ઓર્ડર આપવામાં આવશે.
28. કરાર થયાનાં ૭ દિવસમાં પાર્ટીએ રૂ.૩૦,૦૦૦ (અંકે રૂ. ત્રીશ હજાર પુરા) સિક્યુરીટી ડીપોઝીટ પેટે હોસ્ટેલ પ્રશાસનને જમા કરાવવાના રેહશે.
29. અસફળ રહેલ પાર્ટીને તેમની અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD)ની રકમ ટેન્ચુરીંગ કાર્યવાહી પુર્ણ થયે પરત કરવામાં આવશે. જયારે સફળ રહેલ પાર્ટી સિક્યોરીટી ડીપોઝીટ (SD) તરીકેની રકમ જમા કરાવે પછી પરત કરવામાં આવશે.
30. જે પાર્ટીના ભાવો માન્ય રાખવામાં આવે અને તે પાર્ટી નિયત કરવામાં આવેલ તારીખે રસોડું શરૂ કરવામાં નિષ્ફળ જશે તો કોઈપણ કારણ આપ્યા વગર તે પાર્ટીનો કોન્ટ્રાકટ રદ કરી પછીના ક્રમે આવતા ઈસમને કોન્ટ્રાક્ટ આપી દેવામાં આવશે અને અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) ની રકમ પુરેપુરી જપ્ત (forfeit) કરવામાં આવશે.
31. મહાવિધાલયના જે તે વિભાગને CAET AND PAE દ્વારા મંજૂર કરવામાં આવેલ પાર્ટીના નામનું GST વાળું (જો લાગુ પડતું હોયતો) પ્રિન્ટેડ લેટરપેડ ઉપર પાકું બીલ આપવાનું રહેશે. બીલના પેમેન્ટ બાબતે કોઈપણ કાયદાકીય પ્રશ્નો ઉપસ્થિત થાય તેની સંપૂર્ણ જવાબદારી પાર્ટીની રહેશે. જરૂરીયાત ઉભી થાય ત્યારે બીલની કુલ રકમમાંથી નિયમાનુસાર TDS કાપી બીલનું ચુકવણું કરવામાં આવશે.
32. કરાર થયાના એક વર્ષ સુધી વિદ્યાર્થીઓની હાજરી મુજબ ફરીજીયાત પણે મેસ શરુ રાખવાની રેહશે. એક વર્ષ પેહલા મેશ બંધ કરી શકાશે નહિ. અને જો પાર્ટી મેસ ચલાવવા સક્ષમ ના હોય તો સિક્યોરિટી ડીપોઝીટ પરત કરવામાં આવશે નહિ .
33. કરારની સમાપ્તિ પર, રસોડાના વિસ્તારનો ભૌતિક કબજો, ડાઇનિંગ હોલ, ડાઇનિંગ ટેબલ, શૌચાલય વગેરે સંશાધનો અને તેમાં આવેલ તમા ઇલેક્ટ્રિક ઉપકરણો જેવા કે RO સીસ્ટમ, ટ્યુબલાઈટ, પંખા વિગેરે સ્થાનો જે પરિસ્થિતિમાં વપરાશમાં મળેલ હોય તે સ્થિતિમાં સોપવાના રેહશે.
34. ડાઇનિંગ હોલ વિસ્તાર અને રસોડા વિસ્તાર, ડાઈનીંગ ટેબલો, વાસણો, કટલરી અને ક્રોકરી અને અન્યની સફાઈ સાધનો, ફર્નીચર અને ઉપભોજ્ય વસ્તુઓની સાફસફાઈની અને સાચવણીની જવાબદારી મુખ્ય રસોયાની/પાર્ટીની રહેશે. આ ઉપરાંત મુખ્ય રસોયા અને એમના સ્ટાફનું વિદ્યાર્થીઓ સાથેનું વર્તન વિવેકપૂર્ણ રહે એ બાબત નું ખાસ ધ્યાન આપવાનું રહેશે. વિદ્યાર્થીઓ દ્વારા સાફ સફાઈ અને વર્તુણક અંગેની ફરિયાદ મળતા દંડાત્મક પગલા લેવામાં આવશે.
35. જો ટેન્ડર સાથે ડીમાંડ ડ્રાફ્ટ મોકલવામાં નહિ આવે તો તે પાર્ટીનું ટેન્ડર ધ્યાનમાં લેવામાં આવશે નહિ.
36. CAET AND PAE દ્વારા મંજૂર કરવામાં આવેલ પાર્ટી પાસે સક્ષમ અધિકારી દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ રસોઈયા તરીકેનું નોંધણી પ્રમાણપત્ર અને પાનકાર્ડ હોવું જરૂરી છે આ ઉપરાંત પાર્ટી પાસે ફુડ અને ડ્રગ્ઝ કંટ્રોલ એડમીનીસ્ટ્રેશન, ગુજરાત રાજય દ્વારા આપવામાં આવતું લાયસન્સ (fssai certificate) હોવું ઇચ્છનીય છે.
37. દસ્તાવેજો/સાધનિક પ્રમાણપત્રો અને વિગતોની યાદી નીચે મુજબ ક્રમશઃ નકલ ગોઠવણી કરી સામેલ રાખવી, નહિતર ટેન્ડર ફોર્મ અધૂરું ગણીને તેને અમાન્ય ગણવામાં આવશે, જે બાબતે પાછળથી પાર્ટીનો કોઈ હકદાવો રહેશે નહીં.

a) ટેન્ડર ફી ભર્યાની રસીદ ઓરીજનલ
b) પાન કાર્ડની નકલ
c) આધાર કાર્ડની નકલ
d) જીએસટી(GST) નોધણીનું સર્ટીફિકેટ (જો GST નંબર ના હોય તો તે અંગેનું પ્રમાણપત્ર ભાવ મોકલનાર પાર્ટીના લેટરપેડ પીઆર રજૂ કરવાનું રહેશે.)
e) કંપની રજીસ્ટ્રેશન નકલ/નગરપાલિકાનું સર્ટિફિકેટની નકલ
f) રસોઈયા તરીકેનું નોંધણી પ્રમાણપત્રની નકલ.
g) FSSAI સર્ટીફિકેટની નકલ
h) સરકારી/સહકારી/યુનિવર્સિટીમાં રસોડા ચલાવવાનો/કેટરર્સ તરીકેના અનુભવ હોય તો તેનું પ્રમાણપત્ર/આધાર
i) બ્લેક લિસ્ટમાં મુકવામાં આવેલ નથી તે સબબનું લેટરપેડ પર પ્રમાણપત્ર.(જો અગાઉથી બ્લેકલિસ્ટ થયેલ હશે તો સિક્યોરિટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.)

ઉપર આપેલ પુરાવા સામેલ રાખીને સીલબંધ કવરમાં "આચાર્ય અને ડીનશ્રી,કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી મહાવિધાલય, નકૃયુ., દેડીયાપાડા - ૩૯૩૦૪૦" ના સરનામે મોડામાં મોડું તા. ૨૦/૦૩/૨૦૨૫ સુધીમાં કચેરી સમય દરમ્યાન મળી જાય તે રીતે પોસ્ટ/કુરીયરથી મોકલવાનું રહેશે. કવર ઉપર 'હોસ્ટેલ ભોજનાલયમાં રસોઈ બનાવવા માટેનો કોન્ટ્રાકટ માટેનું ભાવ પત્રક'' એમ અવશ્ય લખવાનું રહેશે. ટેન્ડર ફોર્મ રૂબરૂમાં સ્વીકારવામાં આવશે નહિ.

38. ટેન્ડર પ્રક્રિયાને ધ્યાને લઈને ભાવો મંજૂર કરવા, ભાવો નામંજૂર કરવા કે સંપુર્ણ ટેન્ડર પ્રક્રિયા રદ કરવાની સંપુર્ણ સત્તા મહાવિધાલયના સક્ષમ અધિકારી પાસે અબાધિત રહેશે. ભાવપત્રક ને રદ કરવાનો હક્ક નક્કી કરેલ કમિટીનો રહેશે જેનો કોઈ પણ ખુલાસો આપવામાં આવશે નહીં. જેની રજૂઆત કોર્ટ માં કરી શકાશે નહીં.
39. કોઈપણ કાયદાકીય વિખવાદ ઊભો થાય ત્યારે તેના નિરાકરણનું કાર્યક્ષેત્ર ડેડીયાપાડા રહેશે.

તારીખ:
સ્થળ: ડેડીયાપાડા

પાર્ટીનું પૂરું નામ અને સહી:

મદદનીશ રેક્ટર    મદદનીશ રેક્ટર    મદદનીશ રેક્ટર    હોસ્ટેલ રેક્ટર

આચાર્ય અને ડીનશ્રીની સહી

# ટેન્ડર નોટીસ

## કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી, નવસારી કૃષિ યુનિવર્સિટી, ડેડીયાપાડા-૩૯૩ ૦૪૦

### હોસ્ટેલ ભોજનાલયમાં રસોઈ બનાવવા માટેનો કોન્ટ્રાકટ આપવા માટેની જાહેર હરાજી બાબત

આથી લાગતા વળગતા રસોઈ અને કેટરિંગ કામ સાથે સંકળાયેલા વેપારીઓ અને રસ ધરાવતા ઈસમોને જણાવવામાં આવે છે કે, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, ડેડીયાપાડા-૩૯૩૦૪૦ ખાતે હોસ્ટેલ ભોજનાલયમાં વિદ્યાર્થીઓ માટે રસોઈ બનાવી જમાડવાની કામગીરી માટેના ટેન્ડર ફોર્મ અત્રેની કચેરી ખાતેથી રૂા. ૧૫૦૦ (એક હજાર પાંચસો પુરા) રોકડા ભરીને ટેન્ડર ફોર્મ મેળવી તેની સાથે ડીપોઝીટ પેટે રૂા. ૩૦,૦૦૦/- (ત્રીસ હજાર પુરા) નો **"PRINCIPAL CAET AND PAE DEDIAPADA"** ના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ/ચેક પોતાના ભાવો સાથે ઈજારદારની સહી-સિક્કા વાળી બોલીઓ અને શરતો સીલબંધ કવરમાં (કવર ઉપર "હોસ્ટેલ ભોજનાલયમાં રસોઈ બનાવવા માટેનો કોન્ટ્રાકટ માટેનું ભાવપત્રક" એમ સ્પષ્ટ લખવું) તા.૨૦/૦૩/૨૦૨૫ ના રોજ કચેરીના સમય પહેલા ઉપરોકત સરનામે ટપાલ/કુરીયરથી પહોંચતા કરવાના રહેશે. ડીપોઝીટ વગરના ભાવપત્રકો માન્ય રાખવામાં આવશે નહી. આવેલ ભાવપત્રકો તા.૨૧/૦૩/૨૦૨૫ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ, નવસારી કૃષિ યુનિવર્સિટી, ડેડીયાપાડા-૩૯૩૦૪૦ ખાતે કમિટી દ્વારા ઈજારદારોની હાજરીમાં ખોલવામાં આવશે. આવેલ ભાવો કમિટીને યોગ્ય ન લાગશે અને જરૂર જણાશે તો તે જ સમયે અને સ્થળે જાહેર બોલીથી હરાજી કરવામાં આવશે. ઈજારાની બોલીઓ અને શરતો અત્રેની કચેરીએથી અથવા વેબસાઈટ www.nau.in પરથી જોવા મળશે.

સહી/- આચાર્ય અને ડીન
કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય,
નવસારી કૃષિ યુનિવર્સિટી, ડેડીયાપાડા-૩૯૦૦૪૦

(માહિતી-નર્મદા-૪૭૭-૨૦૨૪-૨૫)